# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-12-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GANDHINAGAR CM BETHAK

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં તમામ જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીઓની સમીક્ષા બેઠક યોજાઈ રહી છે. સ્વર્ણિમ્ સંકુલ એક નર્મદા સભાખંડ ખાતે યોજાયેલી બેઠકમાં સરકારી જમીન પરના દબાણ, લેન્ડ ગ્રેબિંગ એટલે કે, જમીન પચાવી પાડવાના કેસ, સરકારી ઠરાવના અમલીકરણ તેમજ યોજનાઓના લાભાર્થીઓના વ્યાપ અંગે ચર્ચા કરવામાં આવી રહી છે.

ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા આ બેઠક મહત્વની છે.

# SUVALI BEACH FESTIVAL

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ સુરતના સુંવાલી દરિયાકિનારે આજથી શરૂ થનારા ત્રણ દિવસના મહોત્સવનો પ્રારંભ કરાવશે. આ મહોત્સવમાં ઊંટ અને ઘોડેસવારી, ક્રાફ્ટ સ્ટૉલ, ફૂટ કૉર્ટ, ફોટો કૉર્નર, દેશી અને પરંપરાગત રમતો જેવા વિશેષ આકર્ષણ હશે. ઉપરાંત 100 જેટલા ફૂડ સ્ટૉલ પણ તૈયાર કરાયા છે.

સત્તાવાર યાદી મુજબ, પ્રવાસનને વેગ મળે અને સ્થાનિક સ્તરે રોજગારીનું સર્જન થાય તે હેતુથી સતત બીજા વર્ષે આ મહોત્સવનું આયોજન કરાયું છે. મહોત્સવમાં ત્રણેય દિવસ મનોરંજનના વિવિધ

**કાર્યક્રમો પણ યોજાશે. આ માટે મહાનગરપાલિકા દ્વારા સિટી બસ અને એસ.ટી. બસની પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.**

# UNJHA - MARKET YARD

મહેસાણાના ઊંઝા માર્કેટ યાર્ડમાં હાલમાં દૈનિક જીરા અને વરિયાળીની આવકમાં વધારો થઈ રહ્યો છે. અત્યારે યાર્ડમાં જીરાની 9 હજાર બોરીની આવક નોંધાઈ હતી, જેનો ભાવ 4 હજાર 500 સુપર અને મીડિયમમાં 4 હજાર 300 રૂપિયાનો નોંધાયો હતો. જ્યારે વરિયાળીની 3 હજાર 500 બોરીની આવક નોંધાઈ હતી. તેનો ભાવ સુપર ગ્રીનમાં 4 હજાર 500થી 5 હજાર 500 રૂપિયા સુધીનો હતો. જ્યારે ઈસબગુલમાં 4 હજાર બોરીની આવકમાં 2 હજાર 550 રૂપિયાથી લઈ 2 હજાર 650 રૂપિયા સુધીના ભાવ મળ્યા હતા. તો 800 બોરી તલની આવક થતાં તેનો ભાવ 2 હજાર 650 રૂપિયાથી 2 હજાર 850 રૂપિયા સુધીના મળ્યા હતા.

# BHAVNAGAR SURAT TRAIN RAJUAAT

**ભાવનગર ભાજપના આગેવાનોએ જિલ્લામાં નવી ટ્રેનો શરૂ કરવા કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને રજૂઆત કરી છે. નવી દિલ્હી ખાતે થયેલી મુલાકાત બાદ શ્રી વૈષ્ણવે ભાવનગરથી સુરત દૈનિક ટ્રેન ફાળવવા આશ્વાસન આપ્યું હતું. તેમજ આ ટ્રેન માટે પ્રાથમિક સરવે હાથ ધરવા આદેશ પણ આપ્યો હતો.**

ઉપરાંત ભાજપના આગેવાનોએ ભાવનગર અને અયોધ્યા વચ્ચેની સાપ્તાહિક ટ્રેન, ભાવનગરને લગતી નવી યોજનાઓ, હરિદ્વાર ટ્રેનને દૈનિક કરવા, ભાવનગર-ભુજ ટ્રેન અને ભાવનગર-ઓખા ટ્રેનના સમય સહિતની રજૂઆતો પણ કરી હતી.

# JAMNAGAR TB SARVAR

જામનગરના જિલ્લા ક્ષય કેન્દ્ર ખાતે દર્દીઓની સારવાર વધુ ઝડપી બનાવવા એક્સ-રે મશીન, માઇક્રોસ્કોપ્સ સહિતના અદ્યતન યંત્રો અને કર્મચારીઓને મૉબાઈલ ટૅબલેટ અપાયા છે. જિલ્લા વિકાસ અધિકારી અને ખાનગી કંપનીના અધિકારીએ આ યંત્રોનું અનાવરણ કર્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજે જણાવ્યું કે, નિક્ષય પોષણ યોજના અંતર્ગત “ટીબી હારેગા, દેશ જીતેગા” અભિયાન હેઠળ વર્ષ 2025 સુધી ક્ષય નાબૂદીના લક્ષ્યાંકને પાર પાડવા અને ક્ષયના દર્દીઓને પોષણયુક્ત આહાર મળે તે હેતુથી દર મહિને 500 રૂપિયાની સહાય તેમના બેન્ક ખાતામાં જમા કરાવવામાં આવે છે.

# MAHISAGAR BAR ELECTION

મહીસાગર જિલ્લા બાર એસોસિએશનની ચૂંટણી માટે જિલ્લા અદાલતના વકીલ મંડળ સભાખંડ ખાતે મતદાન પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. આજે દિવસભર 156 નોંધાયેલા વકીલ મતદારો મતદાન કરશે. આ અંગે ચૂંટણી અધિકારી બી. આર. પટેલે માહિતી આપી હતી.

(બાઈટ- બી. આર. પટેલ, ચૂંટણી અધિકારી)

# MEHSANA PRAKRUTI APP

મહેસાણા જિલ્લા પંચાયત સંચાલિત આયુર્વેદ વિભાગમાં આયૂષ મંત્રાલય દ્વારા શરૂ કરાયેલી પ્રકૃતિ પરિક્ષણ એપ્લિકેશનથી પરિક્ષણ હાથ ધરાયું છે.

મહેસાણાના અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે, એપ્લિકેશન દ્વારા વ્યક્તિના શારીરિક બાંધા અને પ્રકૃતિ અંગેની ડિજિટલ આરોગ્ય અને ઉપચાર અંગેની વિગત મળશે. કોઈ વ્યક્તિ પોતાની પ્રાથમિક માહિતી ભરશે તો તરત જ એપ્લિકેશનમાં બારકોડ બનશે. આ એપ્લિકેશનમાં રોગ સામે રક્ષણ મેળવવા અંગેનું માર્ગદર્શન પણ ઉપલબ્ધ હશે.

# DHRANGHADHRA SWACHCHH BHARAT

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકામાં નગરપાલિકા દ્વારા વિવિધ વિસ્તારમાં ઘરે-ઘરે જઈ ભીનો અને સુકો કચરો અલગ કરી કચરાપેટીમાં રાખવા અંગે માહિતી આપવામાં આવી રહી છે. રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજનાના સ્વસહાય જૂથની મહિલાઓ શહેરીજનોને સ્વચ્છતા અંગે માહિતગાર કરી રહી છે તેમ ધ્રાંગધ્રા નગરપાલિકાની યાદીમાં જણાવાયું છે.